**CRIMINAL ENQUIRY NO. 1498/2025**

**ફોજદારી ઈન્કવાયરી નં. ૧૪૯૮/૨૦૨૫**

**<u>આંક–૧ લગત વધુ હુકમ</u>**

**(૧)** બન્ને પક્ષની રેકર્ડની રજુઆત ધ્યાને લીધી તથા રજુઆત સાંભળી. હાલની ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પોતે ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૨(૨૮) અંતર્ગત ''સરકારી નોકરી'' તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરીયાદ/ઈન્કવાયરી સબબ આરોપીને **<u>આંક–૦૩,૦૪</u>** ની નોટીસ કરતા તેની ધારાધોરણસરની બજવણી તેઓને થયેલ છે. જેથી આરોપી તેઓના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે.

**(૨)** આજરોજ આ કામના આરોપી પક્ષની રજુઆત ધ્યાને લેતાં તેઓએ હાલની ફરીયાદ સબંધી કોઈ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આરોપીએ તેઓના વિ.વ.શ્રી મારફત હાજર રહી **<u>આંક–૦૭</u>** થી પુરસીસ આપી સદર ફરીયાદને બાબતે સંજ્ઞાન લેવામાં આવે તો તેઓને કોઈ વાંધો તકરાર નથી તેવુ જાહેર કરેલ છે. જેથી આ કામે રજુ ફરીયાદીની ફરીયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતા આરોપી સામે સબબ ગુનાની પ્રથમ દર્શનીય રીતેની આગળની કાર્યવાહી કરવા પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે. જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:<u>હુકમ:</u>–**

– હાલની ફરીયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી કેંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

– સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપી સામે બી.એન.એસ.એસ.એકટની કલમ–૨૨૭ અન્વયે ફરીયાદ સબબના ગુનાઓ અંગેનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

– સદર સમન્સની હવે પછીની **<u>મુ.તા.૦૧/૦૮/૨૦૨૬</u>** ના રોજની રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

સ્થળ : <u>સુરત.</u>

તારીખ : **<u>૨૦/૦૭/૨૦૨૬</u>**

**( પી.ડી.જેઠવા )**
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
મજુર અદાલત નંબર–૧, સુરત.
GJ-00901